જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે જીલ્લો સુરત તાલુકો સુરત સીટી શહેર સુરતના **ભેસ્તાન** વિસ્તારમાં આવેલ બીનખેતીની જમીન, જે **''સાંઈ શકિત નગર''** ના નામે ઓળખાય છે તે જમીનમાં પાડવામાં આવેલા પ્લોટ નંબર **૧-બી** થી નોંધાયેલ ખુલ્લી જમીન જેનો નવો સર્વે નં.: ૮૯, ટી.પી.સ્કીમ નંબરઃ **૪૮(ભેસ્તાન)**, એફ.પી. નંબરઃ **૨**, તેમાં બાંધવામાં અવેલ ઈમારત, જે **''પુજન પાર્ક''** ના નામથી ઓળખાય છે તે ઈમારતમાં ત્રીજા માળ પર આવેલ **ફ્લેટ નંબરઃ ૩૦૨** વાળી મિલકત જેનું બિલ્ટઅપ ક્ષેત્રફળ **૮૯.૨૮ ચો.મી.** વાળી મિલકત **(૧) ઉર્મીલાબેન મગનભાઈ પટેલ તથા (૨) મનીષભાઈ મગનભાઈ પટેલ એ તેના અગાઉના માલીક પુષ્પ કોર્પોરેશન ભાગીદારી પેઢી વતી અને તર્ફે તેના ભાગીદારો (૧) ચતીલ નાનુભાઈ મેસુરિયા, (૨) ભુપેશભાઈ ધોલાભાઈ મેસુરિયા તથા (૩) રમેશભાઈ નાનુભાઈ મેસુરીયા**નાઓ પાસેથી રજી. **વેચાણ દસ્તાવેજ નં. ૮૭૬૩ થી તારીખઃ ૧૪/૦૬/૨૦૧૧** ના રોજ ખરીદ કરેલ તેમજ સદર મિલકત પોતાની માલીકીની હોવાનું તથા તમામ ટાઈટલ કલીયર હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. વધુમાં સદર મિલકતનો **અસલ વેચાણ દસ્તાવેજ નં.૮૭૬૩/૧૪-૦૬-૨૦૧૧ તથા અસલ રજી.રસીદ (આર.આર.)** ક્યાંક ગેરવલ્લે થઈ ગયેલ છે. જે ઘણી શોધખોળ કરવા છતા આજદીન સુધી મળી આવેલ નથી. અમારા અસીલ સદર મિલકત અંગેના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ટુંક સમયમાં કરાવી લેનાર છે. સબળ સદર મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો કે અધિકાર હોય તો તેઓએ જરૂરી પુરાવા સાથે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાના **દિન-૭** માં નીચે જણાવેલ સરનામે અમારો રૂબરૂ સંપર્ક કરવો. ત્યારબાદ સદર મિલકતમાં કોઈનો હકક રહેલો નથી અને હોય તો તેઓએ તેવા હકકો જતા કરેલા છે એમ માનીને અમારા અસીલ સદર મિલકતનો પાકો **રજીસ્ટર્ડ** વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી તમામ લાગતા વળગતાએ લેખિત નોંધ લેવી.

તા. ૩૧.૧૦.૨૦૨૪

૩૧-૩૨, નિલકંઠ સોસાયટી, જી.પી. પાર્ક સોસા.ની પાસે, ઉધના મગદલ્લા રોડ, સુરત મો. ૯૯૭૪૨૪૦૦૦૪

સોહાંગીની કે. ચાંગાવાલા
તે ખરીદનારના એડવોકેટ

મોજે ગામ : એના ના જૂનો રે.સ.નં. ૪૮૩/૨, નવો રે.સ./બ્લોક નં. ૬૮૧/અ તથા જૂનો રે.સ.નં. ૪૮૩/૧, નવો રે.સ./બ્લોક નં. ૬૮૨ ની વેચાણ અંગેની જાહેર નોટીસ

ડી. સુરત, તા. પલસાણા ના મોજે ગામ : એના ના જૂનો રે.સ.નં. ૪૮૩/૨, નવો રે.સ./બ્લોક નં. ૬૮૧/અ કે જેનું ક્ષેત્રફળ ૨૭૬૦ ચો.મી., આકાર ૨.૯૨ પૈસા તથા જૂનો રે.સ.નં. ૪૮૩/૧, નવો રે.સ./બ્લોક નં. ૬૮૨ કે જેનું ક્ષેત્રફળ ૩૮૪૫ ચો.મી., આકાર ૪.૫૦ પૈસા વાળી જૂની શરતની ખેતીની જમીનોના માલિક શબ્બીરઅલી હુસેનઅલી વેલાણી, રહે. ૪૬-૪૭, શબનમ પાર્ક સોસાયટી,રાંદેર રોડ, સુરત નાએ સદરહુ જમીનોના પોતાની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોવાનું જણાવી અમારા અસીલને સદર જમીનો વેચાણ આપવા નકકી કરેલ છે. સદર જમીનો અંગે કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હીસ્સો, દર-દાવો, લાગભાગ યા અન્ય પ્રકારના કોઈપણ જાતના હકક અધિકાર સમાયેલ હોય તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭**માં તે અંગેના લેખીત પુરાવાઓ સહીત અમારો રૂબરૂ સંપર્ક કરી તે અંગેના વાંધાઓ નોંધાવવા. સદર મુદત દરમ્યાન કોઈનાં કોઈપણ પ્રકારનાં વાંધા વિરોધ નોંધાવવામાં નહીં આવે તો મજકુર મિલકત અંગે કોઈના કોઈપણ પ્રકારનાં હકકો રહેલ નથી અને હોય તો તે જતાં કરેલ છે. તેમ સમજી અમારા અસીલ સદર જમીનોનો કાયદેસરનો સંપૂર્ણ વેચાણ અવેજ ચૂકતે કરી તેનો વેચાણ દસ્તાવેજ/ લખાણો કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

(ઓ) TF-29, ત્રીજા માળ, ઈ-સ્પેસ બિલ્ડીંગ, શ્રી શ્યામ મંદિરની પાસે, VIP રોડ, વેસુ, સુરત ફોન નં. ૯૮૨૫૧ ૩૭૨૫૭

રાકેશ એ. વાઘવાની
તે ખરીદનારના એડવોકેટ

વતનમાં રહેતી પત્ની સાથે ફોન પર ઝઘડો થયા બાદ યુવકનો આપઘાત

સુરતઃ સચીનમાં રહેતા યુવકે વતનમાં રહેતી પત્ની સાથે ફોન પર વાત કર્યા બાદ ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલમાં સચીનમાં આગમ નવકાર સોસાયટીમાં રહેતા 25 વર્ષીય સંદીન અનિલ ગીરી સચીન જીઆઈડીસીમાં આવેલી મારૂતિ જ્વેલર્સમાં કામ કરતા હતા. એક વર્ષ પહેલા તેની પત્ની વતનમાં રહેવા ગઈ હતી. મંગળવારે રાત્રે સંદિપ કામ પરથી ઘરે આવ્યો હતો. ત્યારબાદ તેને પત્ની સાથે પણ વાત કરી હતી. ફોન પર પત્ની સાથે કોઈ વાતે ઝગડો થયા બાદ સંદિપે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.

મોજે વડોદ, તા.મજુરા, જી.સુરત, બ્લોક નં.૧૫/૧ વાળી જમીન અંગે ગુજરાતમિત્ર દૈનિકપત્રમાં તા.૧૮/૧૦/૨૦૨૪ ના રોજ પ્રસિદ્ધ થયેલ વેચાણ અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબ.

એડવોકેટશ્રી અલકેશ ગાંધી નાએ ખરીદનારના એડવોકેટ ઉપરોકત જમીન અંગે વેચાણ અંગેની જાહેર નોટીસ તા.૧૮/૧૦/૨૦૨૪ ના રોજ ગુજરાતમિત્ર દૈનિકપત્રમાં પાના નં.૨ માં પ્રસિદ્ધ કરાવેલ છે તે અન્વયે જણાવવાનું કે,

સદરહુ જમીનના મુળ માલિકો **જયંતિભાઇ પરભુભાઇ તથા રમેશભાઇ ઉર્ફે નટવરભાઇ પરભુભાઇ** નાઓ ચાલી આવેલા અને તેઓના કુલમુખત્યાર **ખીમજીભાઇ સારાભાઇ ભડીયાદરા** ચાલી આવેલા અને તેઓએ સદરહું જમીન અંગે અમારા અસીલ **શ્રી શૈલેષભાઇ પ્રાણલાલ ગોનાવાલા તથા શ્રી રમેશચંદ્ર અમૃતલાલ મોરાવાલા**ના લાભમાં **તા.૨૧/૦૯/૨૦૦૨** ના રોજ સાટાખત લખી આપેલ છે જે એડવોકેટ એન્ડ નોટરી **શ્રી સી. ડી. સોલંકી** રૂબરૂ તેઓના રજીસ્ટરમાં **અનુક્રમ નં.૨૫૪૩** થી નોંધાયેલ છે અને સાટાખતમાં નકકી થયેલો પુરેપુરો અવેજ જમીન માલિકોને ચુકવી આપવામાં આવેલ છે અને તે અંગે કાયદેસરની પહોંચ પણ લખી આપવામાં આવેલ છે અને સાટાખતમાં નકકી થયેલ શરતો મુજબ બીજા હપ્તાની રકમ ચુકવી આપ્યેથી જમીનનો કબજો પણ અમારા અસીલને સુપરત કરવામાં આવેલો છે તેમજ ત્યારબાદ સદરહુ જમીન અંગે કાયદેસર ના જનરલ પાવર ઓફ એટર્ની તથા સ્પેશીયલ પાવર ઓફ એટર્ની પણ લખી આપેલા છે અને એ રીતે સદરહું જમીનમાં અમારા અસીલના કાયદેસરના રાઇટ, ટાઇટલ, ઇન્ટરેસ્ટ ચાલી આવેલા છે અને આજે પણ કાયમ છે.

સદરહું જમીન સિવાય અન્ય જુની શરતની જમીન પણ અમારા અસીલે વેચાણ રાખેલી જેનું ડેવલોપીંગનું કાર્ય અમારા અસીલે કાયદેસરની પરવાનગીઓ મેળવી પુર્ણ કરેલ છે અને સદરહું જમીન અંગે પણ કાયદેસરની શરતફેરની પરવાનગી મેળવી પુર્ણ કરવાનું નકકી થયેલ અને તે શરતફેરની કાર્યવાહી કરવા માટે નોટીસ વ્યવહારો થતા **જયંતિભાઇ પરભુભાઇ** નાએ અમારા અસીલ સાથે થયેલા તમામ લખાણો તથા વ્યવહારો કબુલ મંજુર રાખી શરતફેરની કાર્યવાહી માટે સહી, સંમતિ પણ આપેલ છે અને તે બાબતનો કાયદેસર જવાબ પાઠવી પણ કબુલાત આપેલ છે પરંતુ સદરહું જમીનના એક સહમાલિક રમેશભાઇ ઉર્ફે નટવરભાઇ પરભુભાઇ નાઓ ગુજરી જતા તેમના વારસદારો પૈકી **અનિલભાઇ રમેશભાઇ ઉર્ફે નટવરભાઇ** નાઓની દાનત યેનકેન પ્રકારે ભ્રષ્ટ થયેલ છે જેથી ત્રાહિત વ્યકિતને ગેરમાર્ગે દોરી યા તેઓના મેળાપીપણામાં થઇ જઇ જમીન ખોટી રીતે વેચાણ કરવા ફરી રહેલા છે અને તેમ કરી ગુનાહિત કૃત્યો કરી રહેલા છે.

સદરહું જમીનમાં અમારા અસીલના કાયદેસરના રાઇટ, ટાઇટલ, ઇન્ટરેસ્ટ ચાલી આવેલા છે અને આજે પણ કાયમ છે તેમજ અમારા અસીલ પ્રથમથી સદરહું જમીન અંગે શરતફેરની કાર્યવાહી તથા ખર્ચ કરવા રાજીખુશી અને તૈયાર હતા અને આજે પણ છે.

સદરહું જમીનના કાયદેસરના વેચાણના લખાણો અમારા અસીલના લાભમાં પ્રથમ થઇ ગયેલા છે અને તે આજદિન સુધી અમલમાં છે જેથી સદરહું જમીન અંગે કોઇપણ વ્યકિત, પેઢી કે સંસ્થાએ ૭/૧૨ પર ચાલી આવેલ નામોવાળી વ્યકિતઓ સાથે વેચાણના લખાણો કે નાણાંકીય વ્યવહારો કરવા-કરાવવા નહી અને તેમ છતાં જો કરવા-કરાવવામાં આવશે તો તેવા લખાણો કે વ્યવહારો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વે જાહેર જનતાએ નોંધ લેવી.

સરનામું ૪-પુનિત ચેમ્બર, ઉધના દરવાજા, રિંગ રોડ, સુરત. મો.નં.૯૮૭૯૩૦૩૪૫૦

દેવેન્દ્ર એસ.ટંડેલ
તે શૈલેષ પ્રાણલાલ ગોનાવાલા તથા રમેશચંદ્ર અમૃતલાલ મોરાવાલાના એડવોકેટ

–:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::–

સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ઓલપાડના મોજે : ગોલાના સર્વે/બ્લોક નં. ૨૦૭/બ વાળી જુની શરતની ખેતીની જમીન જેનું ક્ષે. હે.૦૧-૭૩-૫૧ ચો.મી. છે. સદર જમીન ભદ્રેશભાઈ મગનભાઈ પટેલનાએ તેઓની સ્વતંત્ર માલિકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને તમામ બોજા રહિત તથા તમામ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ ટાઈટલથી વેચાણ આપવા નકકી કરેલ છે. માટે, સદર જમીન વેચાણ બાબતે કોઈપણ વ્યકિત કે સંસ્થાનો વાંધો, હકક, હિસ્સો, લાગ ભાગ, તર-તકરાર, હિત સબંધ કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક, સંસ્થા કે સહકારી મંડળીનું લેણું હોય તો નીચેના સરનામે રૂબરૂ આવી દિન-૭ માં પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસૂર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે કોઈ પણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ જાતનો હકક હિસ્સો કે લેણું નથી અને હોય તો જતો કરેલો છે. એમ માની અમારા અસીલ સદર જમીનનો કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારપછી કોઈપણ જાતની તર- તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

–:: અમારી મારફત ::–
દિપેશ ડી. પટેલ,
હર્ષદ ટી. પટેલ, વિશાલ આર. પટેલ
(ખરીદનારના એડવોકેટસ)
ઠેકાણું :- ૨૦૨, ૨૦૩, શિવેન શોપર્સ, ગંગેશ્વર મહાદેવ મંદિરની સામે, અડાજણ, સુરત. તા.૩૧/૧૦/૨૦૨૪. (Mo. 98252 92941.)

મોજે ગામ ગવિયર "રણછોડ રત્ના નગર" પ્લોટ નં. ૩૨ અંગે વેચાણ અંગેની જાહેર નોટીસનો ન્યાયના હિતમાં જાહેર જવાબ તેમજ જાહેર ચેતવણી

તા.:૨૬/૧૦/૨૦૨૪, શનિવાર ના રોજ એડવોકેટ એન્ડ નોટરી **શ્રી ધર્મેશ એમ. ચૌહાણ,** ઓફિસઃ "આર્શિવાદ", તળાવ ફળીયું, ઉમરા, સુરતનાઓએ ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ દૈનિક વર્તમાનપત્રમાં **પાના નં. ૨** ઉપર સુરત ડીસ્ટ્રીકટ, મજુરા સબ-ડીસ્ટ્રીકટ, મોજે ગામ **ગવિયર**ના બ્લોક/સર્વે નં. **૭૪ પૈકી ૯૧/૧ તથા ૯૧/૨, ટી.પી.સ્કીમ નં. ૩૧, ફાયનલ પ્લોટ નં. ૨૫** તથા **૨૬** થી નોંધાયેલ બિનખેતીની જમીનમાં આયોજીત **"રણછોડ રત્ના નગર"** ના નામથી ઓળખાતા આવાસોમાં પાડવામાં આવેલા એ-ટાઈપ ના પ્લોટો પૈકી પ્લોટ નં. ૩૨ વાળી ખુલ્લા પ્લોટવાળી મિલકત. જેનું ક્ષેત્રફળ ૧૫૬.૭૫ ચો.મી. ચાલી આવેલ છે. જે મિલકત તેને ફાળે પડતા રસ્તાની વગર વહેંચાયેલ હિસ્સાની ૪૧.૬૮ ચો.મી. જમીન મળી કુલ્લે ૧૯૮.૪૩ ચો.મી. જમીન/મિલકત તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની કુલ્લે દરોબસ્ત મિલકત બાબતે **વેચાણ અંગેની જાહેર નોટીસ** છપાવેલ છે. જે અંગે જણાવવાનું કે સદર નોટીસ વગર નામના ખરીદનાર અંગે ખોટી તેમજ ભરમાવવા વાળી નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે. મજકુર નોટીસમાં જણાવેલ મિલ્કત મારા અસીલે કાયદેસરના લખાણો કરી, તેના માલિક **સુરેશચંદ્ર કેશવલાલ મેવાડા** પાસેથી વેચાણ રાખવાનું નકકી કરેલ છે. તેમજ તેમજ મારા અસીલ બાયર્સ બીવેર્સના સિધ્ધાંત મુજબ મારા અસીલે સદર મિલ્કત અંગે તા.:૦૩/૦૧/૨૦૨૪ ના રોજ ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ દૈનિક વર્તમાનપત્રમાં જાહેર નોટીસ પણ પ્રસિધ્ધ કરાવેલ છે. સદર જાહેર નોટીસ સંદર્ભે નિયત સમયમાં કોઈ વાંધો, વિરોધ, અવરોધ કે અટકાયત પણ આવેલ નથી. તે કારણવસ મારા અસીલે સાટાખત યાને બાનાખતની શરતો મુજબ વધુ રકમ આપી, દસ્તાવેજની કાર્યવાહી આચરેલી છે. મારા અસીલ મજકુર મિલ્કતના માલિક **સુરેશચંદ્ર કેશવલાલ મેવાડા**ને સાટાખત યાને બાનાખતની બાકીની રકમ ચુકવી આપવા તેમજ દસ્તાવેજ કરાવી લેવા હર હંમેશ રાજી તથા ખુશી છીએ. પરંતુ મજકુર મિલ્કતના વેચનાર/માલિક **સુરેશચંદ્ર કેશવલાલ મેવાડા** તે સમયે અનિવાર્ય સંજોગોનું બહાનું કાઢીને સમય પસાર કરતા આવેલ હોવાને કારણે મજકુર મિલ્કતના રજીસ્ટ્રેશનની કાયદેસરની કાર્યવાહી આગળ વધી શકેલ નહિ. મારા અસીલ મજકુર મિલ્કતના માલિકને મજકુર મિલ્કતનો બાકીનો વેચાણ અવેજ સ્વીકારીને દસ્તાવેજ કરી-કરાવી આપવા વારંવાર જણાવતા આવેલા છે. પરંતુ તેઓ એક યા બીજા કારણોસર ઉડાવ જવાબ આપી સમય પસાર કરતા આવેલા છે. મારા અસીલ તેઓ સામે સિવીલ તેમજ ફોજદારી રાહે કાર્યવાહી કરનાર છે. મજકુર મિલ્કતના ખરીદનારને તકરાર સિવાય કંઈ પ્રાપ્ત થશે નહિ. જેની આથી સર્વેએ નોંધ લેવી.

ઓફિસ : ૧, યજ્ઞપુરૂષ એપાર્ટમેન્ટ, ભાટીયા સ્ટ્રીટ, નાવડી ઓવારાની સામે, નાનપુરા, સુરત. મો. ૯૮૨૫૨ ૮૯૨૦૦

મારી મારફત
ચંદ્રેશ દિપકભાઈ પટેલ
એડવોકેટ

પશ્ચિમ રેલવે અમદાવાદ

4 લેન રોડ ઓવરબ્રિજ તથા અન્ય વિવિધ કાર્યો.

ઈ-ટેન્ડર નંબર : Dy.CE-C-V-ADI-DSL-NLY-10 તારીખ : 26.10.2024 ડેપ્યુટી ચીફ એન્જિનિયર સી(વી), અમદાવાદ ભારત સંઘના રાષ્ટ્રપતિ વતી નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **(1) ઈ-ટેન્ડર નંબર :** Dy.CE-C-V-ADI-DSL-NLY-10 **(2) કામનું નામ :** પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર ભુજ નલિયા ગેજ પરિવર્તન પરીયોજના ના સંબંધમાં લેવલ ક્રોસિંગ સંખ્યા 62Km. (90/15-91/1) ના બદલે 4 લેન રોડ ઓવર બ્રિજો અને અન્ય વિવિધ કાર્યોમાટે એપ્રોચ રોડનું નિર્માણ. **(3) કામની અંદાજિત કિંમત :** ₹95,46,99,838.01 **(4)** બિડ સુરક્ષા : ₹49,23,500/- **(5)** ટેન્ડરનો પ્રકાર : બે પેકેટ સિસ્ટમ બે તબક્કામાં રિવર્સ ઓક્શન **(6)** બંધ થવાનોસમયગાળો : 12 મહિના (ચોમાસા સહિત) **(7)** બંધ થવાનો સમય અને તારીખ : 22.11.2024 ના 15.00 કલાકે. **(8)** વેબસાઇટની વિગતો, નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફિસનું સરનામું : ડેપ્યુટી ચીફ એન્જિનિયર સી(વી), પશ્ચિમ રેલવે, અમદાવાદ. વેબસાઇટ : www.ireps.gov.in 69

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

સેન્ટ્રલાઇઝ ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ
બિલ્ડિંગની જોગવાઈ

ઇ-ટેન્ડર સૂચના નંબર : DRM-BRC 095 વર્ષ 2024-25 ભારતના રાષ્ટ્રપતિ વતી ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390004 દ્વારા નીચેના કામો માટે સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આવે છે. **ટેન્ડર નંબર :** DRM BRC 095 **વર્ષ 2024-25 કામનું નામ :** પ્રતાપનગરમાં સેન્ટ્રલાઇઝ ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ બિલ્ડિંગની જોગવાઈ. **કામની અંદાજિત કિંમત (રૂ.માં) :** ₹3,83,26,998.17 **જમા કરાવાની બિડ સિક્યોરિટી (રૂ.માં) :** ₹3,41,600.00 **ટેન્ડર જમા કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** ટેન્ડર 18.11.2024ના રોજ 15.00 કલાક પહેલાં જમા કરવાના છે અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવાના છે. **વેબ સાઇટની વિગતો અને સૂચના નું સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઇ શકાશે અને ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે તે ઓફિસનું સરનામું :** ડીવિઝનલ રેલવે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 4 **વેબ સાઇટ :** www.ireps.gov.in 211

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

બાંધકામ કાર્ય

ઇ-ટેન્ડર સૂચના નંબર : DRM-BRC 094 2024-25 ભારતના રાષ્ટ્રપતિ વતી ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390004 દ્વારા નીચેના કામો માટે સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આવે છે. **ટેન્ડર નંબર :** DRM BRC 094 **વર્ષ 2024-25 કામનું નામ :** વડોદરા વિભાગ:- વડોદરા વિભાગમાં વિવિધ સ્થળોએ ઓવરહેડ ટાંકીઓ અને વિવિધ ક્ષમતાના સમ્પનું બાંધકામ. **કામની અંદાજિત કિંમત (રૂ.માં) :** ₹5,99,74,039.53 **જમા કરાવાની બિડ સિક્યોરિટી (રૂ.માં) :** ₹4,49,900.00 **ટેન્ડર જમા કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** ટેન્ડર 18.11.2024ના રોજ 15.00 કલાક પહેલાં જમા કરવાના છે અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવાના છે. **વેબ સાઇટની વિગતો અને સૂચના નું સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઇ શકાશે અને ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે તે ઓફિસનું સરનામું :** ડીવિઝનલ રેલવે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 4 **વેબ સાઇટ :** www.ireps.gov.in 210

અમને લાઇક કરો: facebook.com/WesternRly

મોજે વેસુના THE EMERALD પ્રોજેક્ટ અંગે જાહેર ચેતવણી – ખરીદનાર સાવધાન

ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ સુરત સીટીના મોજે વેસુમાં આવેલ રે.સ.નં. ૩૯૯/૨ (જુના) રી.સ.નં. ૩૬૨/૨ જેનું ક્ષેત્રફળ સુમારે ૧૦૭૦૦ સ.ચો.મી. થાય છે જેનો આકાર રૂા. ૧૪.૬૦ પૈસા છે તે વિગતની મુળ જમીન પૈકી ૭૬૦૦ સ.ચો.મી. જમીન જેને ટી.પી. સ્કીમ નં. ૭ (વેસુ-મગદલ્લા) ફા.પ્લોટ નં. ૧૬ આપવામાં આવેલ છે જે મુજબ તેનું ક્ષેત્રફળ ૫૬૫૦ સ.ચો.મી. થાય છે તે વિગતની તથા વર્ણનવાળી જમીન ઉપર પ્રશાંતી કોર્પોરેશનની ભાગીદારી પેઢીએ **THE EMERALD** નામના એપાર્ટમેન્ટ ટાઇપ બીલ્ડીગનું આયોજન કરેલ છે તે વિગતથી નોંધાયેલ જમીનમાં અમો નીચે સહી કરનારાઓનો મર્હુમ મીઠીબેન તે નાનાભાઈ જેરામભાઈ પટેલની દીકરીના સીધી લીટીના કાયદેસરના વારસદારો તરીકે કાયદેસરનો વણવહેંચાયેલ હકક હીત હીસ્સો ચાલી આવેલ હોય તે મેળવવા તથા અમારા હીસ્સે અપાવવા સહીતની અન્ય દાદ મેળવવા મારું મહેરબાન સુરતના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે.દી.મુ.નં. ૨૯૫/૨૦૨૩ નો દાવો કરેલો છે. જે દાવો હાલ મહેરબાન સુરતના ૧૭ મા એડી.સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં વિચારાધીન છે.

ઉપરોક્ત જમીન અંગે દિવાની દાવા પ્રકરણ પેન્ડીગ હોવા છતાં સદર દાવાની હકીકત છુપાવી મજકુર સ્પે.દી.મુ.નં. ૨૯૫/૨૩ ના દાવાના **પ્રતિ.નં. ૨૯ થી ૪૦** નાઓએ દાવાવાળી જમીન ઉપર **THE EMERALD** નામના એપાર્ટમેન્ટ ટાઇપ બીલ્ડીગનું બાંધકામ પૂરજોશમાં ચાલુ રાખેલ છે અને મોટા ભાગનું બાંધકામ કાર્ય પૂર્ણતાને આરે છે. મજકુર **THE EMERALD** બિલ્ડીગ માટે આવેલ ફલેટોનું બુકીગ વેચાણ પણ શરૂ કરેલ છે. જેમ કરવા તેઓને કાયદેસર કોઇ હકક કે અધિકાર પહોંચતો નથી. તેમ છતાં મજકુર **પ્રતિ.નં. ૨૯ થી ૪૦** નાઓ ત્રાહિત ઇસમોને મજકુર પ્રોજેક્ટમાં ફલેટ વેચાણ કરી રહયા છે અને બુકીગ પેટે માતબર રકમ મેળવી રહયાં છે. તેઓનું મજકુર કૃત્ય તદ્દન ખોટું અને ગેરકાયદેસરનું છે, કારણ કે નામદાર સીવીલ કોર્ટમાં ઉપરોકત જમીન અંગેનું દિવાની પ્રકરણ ચાલુ છે, જેથી મજકુર દાવાના કામના **પ્રતિ.નં. ૨૯ થી ૪૦** સહિતના અન્ય પ્રતિવાદીઓ કનેથી દાવાવાળી ઉપરોકત જમીન ઉપર આયોજન કરવામાં આવેલ. **THE EMERALD** ના નામથી ઓળખાતા એપાર્ટમેન્ટ ટાઇપ બિલ્ડીગમાં કોઇપણ વ્યકિતએ ફલેટ બુકીગ કરાવવા નહી, અને મજકુર સખ્સોને બુકીગ પેટે કે અન્ય રીતે કોઇપણ રકમ ચુકવવી નહી. નિર્દોષ વ્યકિત મજકુર સખ્સો સાથે તેવા વ્યવહારમાં ઉતરી ખોટી રીતે ફસાય નહી જાય તે હેતુસર આ જાહેર ચેતવણી પ્રસિધ્ધ કરાવેલ છે. મજકુર જમીનમાં અમો નીચે સહી કરનારાઓનો વણવહેંચાયેલ કાયદેસરનો હકક હીત હીસ્સો આજે પણ ચાલી આવેલ છે તે એક સત્ય હકીકત છે.

સ્પે.દિ.મુ.નં. ૨૯૫/૨૦૨૩ ના દાવાવાળી વિષય વસ્તુ અંગે અમોએ મજકુર દાવાના પ્રતિવાદીઓ વિરૂધ્ધ ગુજરાત જમીન પચાવવા પર (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦ અન્વયે અરજી નંબરઃ ૪૨૨૦૨૩૦૦૧૨૮૦૩ ની દાખલ કરેલ છે, જે હાલ સમક્ષ અધિકારી રૂબરૂ વિચારાધીન છે.

આમ ઉપરોકત જમીન પર આયોજન કરવામાં આવેલ **THE EMERALD** ના નામથી ઓળખાતા એપાર્ટમેન્ટ ટાઇપ બીલ્ડીગ માંહે આવેલ ફલેટ વિગેરે અંગે સ્પે.દી.મુ.નં. ૨૯૫/૨૩ ના દાવાના **પ્રતિ.નં. ૨૯ થી ૪૦** નાઓ સાથે જાહેર જનતાએ **બેંક કે ફાઇનાન્સ સંસ્થા કે નેશનલાઇઝડ કે સહકારી બેંકે** કે કોઇપણ વ્યકિતએ નાણાંકીય વ્યવહારો સહિતના કોઇપણ પ્રકારના વ્યવહારો કરવા કરાવવા નહી. આ જાહેર ચેતવણી છતાં કોઇપણ વ્યકિત કે બેંક મજકુર **THE EMERALD** નામના પ્રોજેક્ટમાં મજકુર **પ્રતિ.નં. ૨૯ થી ૪૦** સહિતના અન્ય પ્રતિવાદીઓ સાથે કોઇપણ પ્રકારના વ્યવહારો કરશે કરાવશે તો તેવી વ્યકિતઓને નાહકની તકરારો સિવાય મજકુર **THE EMERALD** નામના એપાર્ટમેન્ટ ટાઇપ બીલ્ડીગમાં કાયદેસરના કોઇપણ પ્રકારના માલીકી કે કબજાના હકકો પ્રાપ્ત થશે નહી અને દિવાની તથા ફોજદારી કોર્ટ પ્રકરણમાં સંડોવાવું પડશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૩૦-૧૦-૨૦૨૪
મો. ૮૩૪૭૭૬૩૯૨૯

શોભનાબેન તે રમેશભાઈ વલ્લભભાઈ પટેલની વિધવા વગેરે
તે સ્પે.દિ.મુ.નં.૨૯૫/૨૦૨૩ ના દાવાના વાદીઓ

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

લીંક રોડ શાખા, : નારાયણ સ્કવેર, લીંક રોડ, ભરૂચ-૩૯૨૦૦૧ (ગુજરાત) email : Linbha@bankofbaroda.com

કબજા નોટીસ [સ્થાયી મિલકત]

નીચે સહી કરનાર બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨, (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૨.૦૮.૨૦૨૪ ના રોજ ડિમાન્ડ નોટીસ** બજાવીને દેવાદાર **શ્રી આનંદશિંગ શોભશિંગ શેખાવત(દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૫,૮૪,૩૫૩.૪૯ (રૂપિયા પાંચ લાખ ચોર્યાસી હજાર ત્રણસો ત્રેપન અને ઓગણપચ્યાસ પૈસા પુરા)** + વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૩૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/જામીનદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ (૪) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૩૦.૧૦.૨૦૨૪** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધ